ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૦.૬ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૨૮ ટકા

# શહેરમાં લીમડાના મ્હોરનો મહિમા વધ્યો

## ચૈત્ર સુદ એકમથી આરોગ્ય પ્રાપ્તિ માટે લીમડાના મ્હોરનો રસ પીવાનો ઉપક્રમ : શહેરમાં ઠેર ઠેર લીમડાના મોરનું વેચાણ થઈ રહ્યું છે



ગાંધીનગર, તા.૫

આજથી ચૈત્ર માસનો પ્રારંભ થઈ રહ્યો છે. ચૈત્રી નવરાત્રિના પ્રારંભ સાથે જ ભાવિકો શકિતની ઉપાસનામાં લીન બનશે. જો કે ભકિતની સાથો સાથ આખું વર્ષ નિરોગી રહી શકાય તે માટે લીમડાના મ્હોરનો રસ પીવામાં આવશે. હાલમાં ઠેર ઠેર લીમડાના મ્હોરનું વેચાણ થતું જોવા મળી રહ્યું છે.

ચૈત્ર સુદ એકમથી આરોગ્ય પ્રાપ્તિ માટે લીમડાના મ્હોરનો રસ પીવાનો ઉપક્રમ જોવા મળે છે. ચૈત્રિ નવરાત્રિ દરમિયાન દરરોજ સવારે નરણાં કોઠે લીમડાના મ્હોરનો રસ પીવાથી સમગ્ર વર્ષ દરમિયાન આરોગ્ય જળવાય છે. પાનખર બાદ હાલમાં લીમડાના વૃક્ષ પર નવા પાન અને સાથે જ નવા ફૂલ આવ્યા છે. આ કુણાં ફૂલ અનેક ગુણોનો ભંડાર છે. લીમડાના ફૂલને મ્હોર કહેવામાં આવે છે. આ નવા મ્હોર અને સાથે થોડાક કુણાં પાન લઈ તેનો રસ બનાવી ચૈત્ર માસના પ્રારંભિક દિવસોમાં પીવામાં આવે તો આખું વર્ષ તાવ, શરદી જેવી બિમારીઓથી બચી શકાય છે. આર્યુવેદમાં લીમડાના મ્હોરનો રસ પીવાના અનેક ગુણો દર્શાવ્યા છે. આપણે ત્યાં વર્ષોથી પરંપરાગત રીતે ચૈત્ર માસમાં આ રસ પીવાય છે. લગભગ દરેક ઘરોમાં નાના મોટાં સૌ કોઈ શરીરની પ્રકૃતિ અનુસાર અડધા કપથી લઈને એક ગ્લાસ જેટલો આ રસ પીવે છે. તાજા કુમળા પાંદડા અને તેના મ્હોર પ્રમાણમાં ઓછા કડવા લાગે છે. અગાઉ વહેલી સવારે જાતે ચૂંટીને મ્હોર અને પાંદડાનો રસ બનાવાતો હતો પરંતુ હવે ફલેટ કલ્ચરમાં લીમડાનું વૃક્ષ શોધવા દૂર દૂર જવું પડે તેવું છે. વળી જાતે તોડવાની કડાકૂટમાંથી બચવા માટે લોકો બજારમાંથી લીમડાના મ્હોર ખરીદી લે છે અને ઘરે તેનો રસ બનાવે છે. શાકમાર્કેટમાં હવે લીમડાના મ્હોરની ઝુડી આસાનીથી મળી રહેતી હોવાથી વસાહતીઓ જાતે ચૂંટવાની કડાકૂટ કરતા નથી.

વળી ગાંધીનગરમાં તો કેટલાક સ્થળોએ સેવાભાવીઓ લીમડાનો રસ તૈયાર કરી તેનું નિઃશુલ્ક વિતરણ પણ કરે છે. જેનો ઘણા વસાહતીઓ લાભ લે છે. આયુર્વેદિક હોસ્પિટલ અને દવાખાનાઓમાં ચૈત્ર માસ દરમિયાન લીમડાના રસાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે. હાલમાં શહેરના સેકટર-૨૧, ૭ અને ૨૪ના શાકમાર્કેટ તથા સચિવાલય મીના બજારમાં લીમડાના મોરનું વેચાણ થવા લાગ્યું છે. માત્ર ૧૦ કે ૨૦ રૂ.માં લીમડાના કૂણા મ્હોરની ઝુડી મળી રહેતી હોવાથી વસાહતીઓ તેની ખરીદી કરતા નજરે ચડી રહ્યા છે.

# આધુનિક ઉકેલ માટે ૩૬ કલાકની માનસિક રસાકસી

ગાંધીનગર, તા.૫

તા. ૪ અને ૫ એપ્રિલના રોજ વિશ્વકર્મા ગવર્નમેન્ટ એન્જિનિયરિંગ કોલજ ખાતે યોજાનાર જીટીયુ સેન્ટ્રલ ટેકફેસ્ટ'૧૯ અંતર્ગત વિદ્યાર્થીઓના તકનીકી જ્ઞાનથી લોકોને મદદરૂપ થવા તેમજ દેશના વિકાસના પાયામાં ચણતર રૂપ થવાના હેતુથી વિશ્વા હેક ૨.૦નું આયોજન કરવામાં આવ્યું હતુ. સવારે ૧૦ વાગ્યે ઉદ્‌ઘાટન સમારોહ સાથે આ કાર્યક્રમને ખુલ્લો મુકાયો હતો. જેના મુખ્ય અતિથી જીટીયુના નવીન શેઠ, ઈન્ચાર્જ રાજીસ્ટાર ડૉ. જે. સી. લીલાની, **NavigatoIO**ના કૉ-ફાઉન્ડર શ્રી પાવક શાહ તથા કેમિકલ ડિપાર્ટમેન્ટના એચ.ઓ.ડી. ફેમિના પટેલ હતા. જીટીયુની બધી કૉલેજમાંથી લગભગ ૮૦ થી વધારે વિદ્યાર્થીઓ અને ૨૧ જેટલી ટીમોએ હેકાથોનમાં ભાગ લીધો હતો. વિશ્વાહેકમાં વિદ્યાર્થીઓ એ ૩૬ કલાક સુધી લગાતાર કામ કરી રોજિંદા જીવનમાં ઉપયોગી થઈ શકે સાથે જ સામાન્ય માણસને પરવડી શકે તેવી મોબાઈલ તેમજ કમ્પ્યુટર એપ્સ બનાવી હતી. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓ તેમનું કૌશલ્ય પ્રદર્શિત કરી શકે અને નવા જ્ઞાનનું સિંચન થાય તેવા ઉદ્દેશ સાથે કરાયો હતો . હેકાથોન અંતર્ગત વિદ્યાર્થીઓએ ખેતી, સરક્ષણ, રેલવે જેવા વિવિધ ક્ષેત્રમાં પ્રવર્તમાન પ્રશ્નોના નિરાકરણ માટે યોગદાન આપ્યું હતું. આ આપણા દેશને વધુ સારા કોડર, ડેવલપર, ડિઝાઈનર, ઈનોવેટર આપવાનો એક અદ્‌ભુત પ્રયત્ન હતો. જેમાં ૧૨૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પાવક શાહે જણાવ્યું કે, '**NavigatoIO** પોતે જ આવા હેકાથોન નું પરિણામ છે, હું જાણવા વ્યાકુળ છું કે આ વિશ્વ હેકમાં કયા નવા વિચારો ઉદ્‌ભવશે.' કુલપતિ નવીન શેઠનું કહેવું હતું કે 'છોડો નહીં, લડો. આવતા દરેક વિધ્નોને પાર કરો, તમે જોશો કે આવનાર સમયમાં વિશ્વ એને વખાણશે'. આ બાબતે કોલેજના આચાર્યા શ્રીમતી ડૉ.આર. કે. ગજ્જરે ગર્વ પ્રદર્શિત કરતા જણાવ્યું હતું કે, 'યુવાધનને પ્રાયોગિક કલામાં ઘડવા માટે આવી પ્રતિયોગિતાઓ મદદ કરે છે કારણ કે એ સાચું જ્ઞાન છે'.




# બાપુ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી તથા ફાર્મસીના છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો



ગાંધીનગર, તા.૫

ગાંધીનગર-માણસા હાઈવે પર આવેલા બાપુ ગુજરાત નોલેજ વિલેજની સંલગ્ન સંસ્થા શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજીના એન્જિનીયરીંગના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા ૨૦૧૫ની યુ.જી. બેચ, ૨૦૧૬ની ડિપ્લોમા બેચ અને ૨૦૧૭ની પી.જી. બેચ તથા ફાર્મસીના ૨૦૧૫ની યુ.જી.બેચ તથા ૨૦૧૭ની પી.જી. બેચમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ ત્રીજી એપ્રિલ ૨૦૧૯ના રોજ યોજાયો હતો.

આ પ્રસંગે સંસ્થાના સ્થાપક અને ધરોહર સમા શંકરસિંહ વાઘેલા બાપુશ્રી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બાપુશ્રીએ વિદ્યાર્થીઓને ઉચ્ચ કારકિર્દી પ્રાપ્ત કરવાના આર્શીવચનો પાઠવતાં કહ્યું હતું કે આ સંસ્થા તમારી શૈક્ષણિક કારકિર્દી બનાવવાનું માધ્મય હતું. સંસ્થામાંથી પ્રાપ્ત કરેલા જ્ઞાનનો ઉપયોગ સમાજ કલ્યાણ માટે થાય તેવો આગ્રહ તેમણે કર્યો હતો. આ ઉપરાંત દેશને એક કુશળ એન્જિનીયર તથા ફાર્માસીસ્ટ તરીકે મદદરુપ થવાનું પણ આહવાન કર્યું હતું. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓએ અભ્યાસકાળના દિવસોને વાગોળતા પોતાના પ્રતિભાવો આપ્યા હતા.

આ કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, કેમ્પસ ડાયરેકટર પ્રો. રવિકુમાર, એન્જિનીયરીંગના પ્રિન્સિપાલ ડૉ. કિંજલ અધ્વર્યુ, ફાર્મસીના પ્રિન્સિપાલ ડૉ. ધર્મેશ ગોલવાલા તથા ડિપ્લોમા પ્રિન્સિપાલ પ્રો. ખાલીદ સિદીકી હાજર રહ્યા હતા.

# સે-૨૩ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલતી એલસીબી

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના સેકટરોમાં બાઈક ચોર તસ્કરોએ તરખાટ મચાવ્યો છે. પાટનગરમાં વાહનચોરીના કિસ્સામાં સતત વધારો થઈ રહ્યો છે. પોલીસ પેટ્રોલીંગ વચ્ચે સરળતાથી નાગરીકોના વાહનોની ઉઠાંતરી થઈ જવા પામે છે. તો બીજીતરફ ઘરફોડ લુંટના કિસ્સા પણ સામે આવે છે. ત્યારે થોડા સમય પહેલા સે-૨૩ ખાતે એક મકાનમાં તસ્કરોએ ચોરી કરી હાહાકાર મચાવ્યો છે. અઠવાડીયા પહેલા થયેલી ઘરફોડ ચોરીના ગુનેગારને એલસીબી પોલીસે દબોચી લીધો છે. આરોપીએ જે ઘરમાં ચોરી કરી હતી તે ઘરમા તેની અવરજવર રહેતી હતી. ગત્ તા. ૨૬ માર્ચના રોજ મોબાઈલ, સોના-ચાંદીના મળી કુલ રૂ.૬૬હજારના મુદ્દામાલની ચોરી થવા પામી છે. બનાવ અંગે ગુનો નોધી વધુ તપાસ પોલીસે શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૩ પ્લોટ નં. ૫૫૮-૨ શ્રીધર ફલેટ ખાતે વસવાટ કરતા બચુભાઈ પટેલ સે-૨૪ રૂપમ મેડીકલ સ્ટોર્સ ધરાવે છે.ગત તા.૨૬ માર્ચના રોજ સાંજના ૬ કલાકના અરસામાં બચુભાઈ અને પત્ની જયોત્સના બેન (૫૨ વર્ષ) ઘરે એકલા હતા. ત્યારે તેઓ કામથી મકાનના ત્રીજા માળે ગયા હતા. તેઓએ નીચે આવતા હતા ત્યારે ઘરમાં કોઈકનો અવાજ આવતા અંદર કોણ ચે તેવું પુછતા પાછળના દરવાજાથી એક છોકરો ભાગી ગયો હતો. જયોત્સનાબેને બુમાબુમ કરી પરંતુ એટલીવારમાં તો તે યુવક છુમંતર થઈ ગયો હતો. ઘરમાં તપાસ કરતા જાણવા મળ્યું કે ટેબલ પર મુકેલા બે મોબાઈલ ફોન , તેમના પુત્રની કેશીયો કંપનીની ૧૫ હજારની કાંડા ઘડીયાળ, બીજા રૂમની તિજોરીમાં પુત્રવધુનું ૨૦ હજારની કિંમતનું સોનાનું મંગળસુત્ર તેમજ રૂ.૩૦ હજાર કિંતમનો સોનાનો દોરો ગુમ થઈ ગયેલ હતો. જયોત્સનાબેને બુમાબુમ કરતા આસપાસમાં રહેતા મકાન માલિક દોડી આવ્યા હતા. ચોરી થઈ ગયેલા મોબાઈલ ફોન પર રીંગ વગાડતા આરોપીએ ફોન ઉપાડ્યો હતો.જ્યોત્સના માસી ક્યાં છે અને તમે કોણ છો એવુ પુછતા યુવકે માસી મારા બાજુમાં છે તેવું કહી ફોન કટ કરી સ્વીચ ઓફ કરી દીધો હતો. ફોનનું રેકોર્ડીંગ તેમના પતિ બચુભાઈ અનો ભાણેજ ડાહ્યાભાઈ સાંભળતા અવાજ તેમની સે-૨૮માં આવેલા મેડીકલ સ્ટોર્સની બાજુમાં ગેરેજ ચલાવતા પેથાપુરના સમીરનો હોવાનું લાગ્યું હતું. સમીર બચુભાઈના ઘરે બેથી ત્રણ વખત ઉછીના પૈસા લેવા માટે આવ્યો હતો. બચુભાઈએ ચોરી અંગે સમીર હોવાની ખાતરી થયા બાદ ફરીયાદ ન કરવાનું નક્કી કર્યુ હતું. જયારે બીજીતરફ એલસીબી પોલીસ ખાનગી રીતે તપાસ કરી રહી હતી.એલસીબી પીઆઈ નીરજ પટેલના માર્ગદર્શનમાં તેમનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે સમયે એસએસઆઈ હજારીસિંહને બાતમી મળી હતી કે પેથાપુર કસ્બામાં રહેતા સમીર સરકુદ્દીન ચૌહાણ ને ચોરીના મુદ્દામાલ સાથે ઝડપી લેવાયો હતો. પોલીસની કડક પુછપરછ બાદ તેણે સે-૨૩ શ્રીધર ફેલટમાંથી ચોરી કરી હોવાનું કબુલાત કરી હતી. આ અંગે બચુભાઈ પટેલના પત્ની જયોત્સનાબેને સે-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



# શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક સોમવારે મળશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરીષદની પ્રત્યેક માસની પહેલી તારીખ પછીના સોમવારે મળતી બેઠક, સંસ્થાના પ્રમુખ જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને તા. ૮ એપ્રિલના રોજ સે-૨૧ સ્થિત નમન એપાર્ટમેન્ટ ખાતે સાંજના પાંચ કલાકે મળશે. સંસ્થાના સભ્યો પદાધિકારીઓ તથા કાર્યવાહક સમિતિના સભ્યોને બેઠકમાં ઉપસ્થિત રહેવા સંસ્થાના મહામંત્રી નિરંજન ઓઝા દ્વારા જણાવાયું છે.

# સિવિલમાંથી ડોકટરનું બાઈક ચોરાયુ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી ફરીવાર બાઈકની ઉઠાંતરી થવા પામી છે. ચોર ઈસમો માટે સિવિલ કેમ્પસ સોફટ ટાર્ગેટ બની જવા પામ્યું છે. આડેધડ પાર્કીંગ કરતા વાહન માલિકોને પગલે ચોર ઈસમોને મોકળુ મેદાન મળી જાય છે. ત્યારે ગત તા. ૨૪ માર્ચના રોજ પીજી હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતા તબિબિ વિદ્યાર્થી નવી બિલ્ડીંગની સામેના પાર્કીંગમાં બાઈક મુકીને અમદાવાદ ગયો હતો અને ત્યાંથી પરત ફરીને જોયું તો પોતાનું પેશન પ્રો બાઈક ગાયબ હતું. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલમાં નવા બિલ્ડીંગની સામે પાર્કીંગમાંથી બાઈક ચોરીની ઘટના બની છે. સિવિલ કેમ્પસમાં પીડી હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતા સૌરભભાઈ કનૈયાલાલ હીરાણી નામનો યુવક ડીએનબી પોસ્ટ ગ્રેજ્યુએશનનો અભ્યાસ કરે છે. ગત્ તા.૨૪ માર્ચના રોજ સવારે ૯ કલાકે સિવિલના નવા બિલ્ડીંગની પાસે બાઈક મુકીને તે અમદાવાદ મિત્રની ગાડીમાં ગયો હતો. બે દિવસ પોતાના કામમાં વ્યસ્ત રહેલા સૌરભે ગત્ તા.૨૬ માર્ચના રોજ બાઈક લેવા ગયા તો બાઈક નં.જી.જે.૨૭.એન.-૬૦૩૦ પ્રેશન બાઈક ગુમ હતું. થોડા દિવસ શોધખોળ કરવા છતા બાઈકનો કોઈ પત્તો ન લાગતા આખરે તેણે આ અંગે સે-૭ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કલેકટર કચેરી સામે બસ અને ઈ બાઈક વચ્ચે અકસ્માત

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરના મુખ્ય ઘ માર્ગ પર આજે બપોરના સુમારે ઈ બાઈક અને બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ઈ બાઈક બસની નીચે આવી જતા ઈ બાઈક પર સવાર કિશોરીને શરીરે ઈજાઓ પહોંચતા તેને તાત્કાલીક ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાઈ હતી. ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ રીફર કરવામાં આવી હતી. જયારે અકસ્માતને પગલે નાગરીકો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા જેને પગલે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ એસટી ડેપોમાંથી ગાંધીનગર માણસા બસ નં.જી.જે.૧૮. વાય-૯૫૩૬ ના ચાલક બસ લઈને માણસા જવા માટે બપોરના સુમારે નીકળ્યા હતા. બસ ડેપોમાંથી બહાર નીકળીને કલેકટર કચેરી સામે ઘ માર્ગ પર પહોંચી તે સમયે ઈ-બાઈક લઈને નીકળેલી આશરે ૧૪ વર્ષિય કિશોરી તહેરીનબાનુ મોહમંદ જહીર કુરેશી રહે. સે-૨૪ ઈન્દીરાનગર છાપરા, ને બસની અડફેટે આવી જતા અકસ્માત સર્જાયો હતો. ઈ-બાઈક બસની નીચે આવી જતા કિશોરી રોડ પર પટકાતા તેણીને શરીરે ગંભીર ઈજા પહોંચી હતી.અકસ્માતને પગલે તાત્કાલીક મોટીસંખ્યામાં નાગરીકો એકઠા થઈ ગયા હતા અને કિશોરીને સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવામાં આવી હતી. જયા પ્રાથમિક સારવાર આપ્યા બાદ કિશોરીને વધુ સારવાર માટે અમદાવાદ હોસ્પિટલ રીફર કરવામાં આવી હતી. મુખ્યમાર્ગ પર અકસ્માત સર્જાયા ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા. આ મામલે મોડી સાંજ સુધી પોલીસ કેસ થયો હોવાનું ધ્યાને આવ્યું નથી.




# સરસ્વતિ સન્માન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૫

ગુજરાતી જનક્ષત્રિય દંઢાવ્ય વિ. કેળવણી ટ્રસ્ટ દ્વારા તા. ૭ એપ્રિલના રોજ સવારે ૯.૩૦ કલાકે અમદાવાદ સ્થિત મ્યુ. કોમ્યુનિટી હોલ ખાતે સરસ્વતિ સન્માન સમારંભ તથા વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સંસ્થા અને દાતા દ્વારા દર વર્ષની જેમ મેરીટ મુજબ વિદ્યાર્થીઓને મેડલ, ફૂલસ્કેપ ચોપડા આપવામાં આવશે. કાર્યક્રમમાં નિવૃત્ત પ્રોફેસર બુધેશભાઈ ચૌહાણ, દાતા રવિન્દ્રભાઈ એન. ભગત, પૂર્વ આચાર્ય રમેશભાઈ એસ. ચૌહાણ, રીલેકસો એલેકસ ગ્રુપના મહેશભાઈ એન. સોલંકી, ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ નિયામક ડૉ. અશ્વિનભાઈ બી. જણસારી તથા મહાનુભાવો બાળકોને પ્રોત્સાહિત કરવા ઉપસ્થિત રહેશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉલ્લેશભાઈ, રમેશભાઈ ચૌહાણ અને ઉષાબેન એમ. ચૌહાણ દ્વારા કરવામાં આવશે.

# ચરેડી છાપરા વિસ્તારમાંથી ગુમ થયેલ છે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ પોલીસ મથકમાં જાણવા જોગ ફરીયાદ મુજબ ગત તા. ૨૧ માર્ચના રોજ સવારના ૧૧ કલાકના અરસામાં ભીખીબેન વાઈફ ઓફ જયંતિભાઈ મુળજીભાઈ સોલંકી ઉંવ-૪૫ ધંધો-નોકરી રહે. ચરેડી છાપરા જી.ઈ.બી. રોડ ગાંધીનગર મુળ રહે. વેરાઈ માતાના મંદિર પાસે,વાલ્મિકી વાસ ઈડર, તા. ઈડર જી. સાબરકાંઠા ની દિકરી સરસ્વતી ઉર્ફે કિંજલ ડોટર ઓફ જયંતિભાઈ મુળજીભાઈ સોલંકી ઉં.વ.-૧૮ વર્ષ ૬ માસ ગત તા. ૧૯ માર્ચ ૨૦૧૯ ના રોજ સવારે ૯ કલાકે ચરેડી છાપરા, જીઈબી રોડ ગાંધીનગર ખાતે પોતાના ઘરેથી ગુમ થયેલી છે. જે રંગે ઘઉવર્ણી, મોઢુ ગોળ, જેની ઉંચાઈ આશરે પાંચ ફુટની છે. જે ગુજરાતી તેમજ હિંદી ભાષા જાણે છે. જેણે શરીરે પંજાબી ડ્રેસ પહેરેલ હતો. આ ગુમ થનાર યુવતિને ડાબી આંખની નીચે જુનું વાગેલાનું નિશાન છે. આ ગુમ થનાર યુવતિ અંગે જો કોઈ વ્યકિતને માહિતી મળે તો સેકટર-૨૧ પોલીસ મથકનો સંપર્ક કરવા જણાવાયું છે.



# સિવિલ કેન્ટીન અને પાર્કીંગમાં ગણતરીના નાગરીકોએ રસ દાખવ્યો

ગાંધીનગર સિવિલ કેમ્પસ ખાતે શોંપીગ સેન્ટર પાસે અલાયદી કેન્ટીન તૈયાર કરવામાં આવી છે. ત્યારે સિવિલ તંત્ર દ્વારા આદર્શ આચારસંહિતા પહેલા ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા. પરંતુ કેન્ટીન માટે ૬ અને પાર્કીંગ માટે ૪ નાગરીકોએ ઉત્સાહ દર્શાવ્યો છે.પરંતુ હાલ તો આચારસંહિતા હોવાથી ચુંટણી બાદ જ સિવિલની કેન્ટીન અને પાર્કીંગનું ટેન્ડર ખુલશે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હાલના સમયે ગ્રાઉન્ડ ફલોર પર કેન્ટીન આવેલી છે. મેડીકલ કોલેજ બન્યા બાદ શોંપીગ સેન્ટર પાસે અલાયદી જગ્યામાં કેન્ટીન ઉભી કરવામાં આવી છે. છેલ્લા ઘણા સમયથી કેન્ટીનનો ઉપયોગ થતો નથી અને ખાલીખમ જોવા મળી રહી છે. જેને પગલે આ વિસ્તારમાં અસામાજીક પ્રવૃતિઓ પણ ધમધમી રહી છે. ત્યારે ચુંટણીની જાહેરાત પહેલા સિવિલ તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં સિવિલ કેન્ટીન અને પાર્કીંગનો સમાવેશ થાય છે. સિવિલ તંત્રના નિતિ નિયમોને પગલે ઓછા નાગરીકોએ આ ટેન્ડરમાં રસ દાખવ્યો છે. કેન્ટીન માટે ૬ જેટલા નાગરીકોએ અરજી કરી છે તો બીજી તરફ પાર્કીંગ માટે ૪ જેટલી અરજી આવી હોવાનું ધ્યાને આવ્યું છે. પરંતુ આચારસંહિતા બાદ જ આ બંન્ને સમસ્યાનો ઉકેલ આવશે. તંત્ર દ્વારા હાલના સમયે તો આ પ્રશ્ન એક બાજુ મુકી દેવામાં આવ્યો છે. પરંતુ કેન્ટીનના આધુનિક મકાનમાં કેન્ટીન ખસેડીને લઈ જતા શોંપીગ સેન્ટર તરફનો વિસ્તાર ધમધમી ઉઠશે. જયારે દર્દીઓ અને સ્વજનો હાલ ૬૦૦ બેડની નીચે જ કેન્ટીન હોવાથી અવરજવર કરે છે તેમાં પણ ઘટાડો નોંધાશે. ત્યારે તારીખ વિતી ગઈ હોવા છતા ગણતરીના નાગરીકોએ કેન્ટીન અને પાર્કીંગ માટે રસ દાખવતા સિવિલ તંત્ર પણ મુજવણમાં મુકાઈ ગયું છે.

## ચિરવિદાય

- સ્વ. ધીરજબેન પ્રભાશંકર ભટ્ટ, ઉં.વ. ૮૩